





ફાટ્યું આભ આશાઓનું, ફરી એજ થૂક્યું ચાટ્યું છે,
ખોટાં ફૂલોની ફૂલદાની પર અત્તર છાંટ્યું છે
બાટ્યું જીવન સુખ-શાંતિનું આંટ્યું આશંકાઓથી -
વચનોની ખરલમાં સપનાંનું સોમલ વાટ્યું છે..
(ભાજપ જાહેરનામું)




ગુજરાતમાં
કરી ન શક્યા એની
બનાવી યાદી..
(= એટલે ઢંઢેરો)

આપે આનંદ!
દે હથેળીમાં ચાંદ -
મુંગેરીલાલો..
(વાયદા નાં વડાં)

## ચિંતન

*કદર્થતસ્યાપિ હિ ધૈર્ય વૃત્તેર્ન શક્યતે ધૈર્ય ગુણં પ્રમાર્ષ્ટુમ્ ।*
*અધો મુખ સ્યાતિ કૃતસ્ય વહ્નેર્નોધઃ શિખા યાન્તિ કદાચિદેવ ॥*

'દુર્દશાગ્રસ્ત ખરાબ પરિસ્થિતિમાં પણ ધીરજવાન પુરૂષના સદ્‌ગુણોના નાશ કરવો ખરેખર કોઇ પણ રીતે શક્ય નથી. દાખલા તરીકે અગ્નિની જવાળાને ઊંધી કરવામાં-ઉલ્ટાવવામાં આવે તો પણ તે ઉંચે જ જાય છે. નીચેના ભાગ તરફ (અધોગતિ) જતી નથી.'

ધીરજવાન ખરાબ પરિસ્થિતિનાં પણ ધૈર્ય ગુમાવતા નથી. જીવનમાં તડકી-છાંયડી તો આવ્યા કરે કર્મ-સંજોગ ફળ ભોગવવાના આવે જ છે. આપણી જ ભૂલો નો ભોગ પણ ઘણીવાર બનવું પડે છે. કરોડાધિપતિ યુવાન બેકાળજી પૂર્વક 'ઓડી' ચલાવે જેલમાં જવું પડે - કરોડોના કારસ્તાન કરનારા સહારાના સુબ્રતોને જેલમાં જવું પડે! કર્મના ફળ ધીરજપૂર્વક ભોગવવાં જોઇએ.

કોઇ હતાશા-નિરાશામાં આત્મહત્યા વિશે વિચારવું-પરીક્ષામાં નિષ્ફળ થતાં ઘર છોડી જવું એ અ-ધીરતાનાં પરિણામ છે.

મુશ્કેલ પરિસ્થિતિનો હસતાં હસતાં સામનો કરવો એનું નામ ધીરજ.

## સુવિચાર

- આપણે કાયમ માણસને માપવા ઉતાવળા થઇએ છીએ, સમજવાં નહીં, સમજણ-સંબંધોમાં માપ ગેરમાર્ગે દોરે છે! એટલે સંબંધોમાં ખાઇ ઉદ્‌ભવે છે, એ ખાઇને પૂરવા માટે સમય, સંયમ અને અહંકાર શૂન્ય અભિગમ જોઇએ **- માનસસૂત્ર**
- પામ્યો પ્રસન્નતા તેના દુઃખો સૌ નાશ પામતાં, પામ્યો પ્રસન્નતા તેની બુદ્ધિ શીઘ્ર બને સ્થિર **- એસ. ભટ્ટાચાર્ય**
- ક્ષુદ્રતાથી કરાતી કદમ બોસી જ માણસનું હીરખમીર છીનવી લે છે, જો એમ જ નહોત તો માણસ ધંધાના વિકાસ માટે છેતરામણી જાહેરાતનો આશરો ન લેત **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- શ્રદ્ધાનું દાન, કરૂણાની વહેંચણી સર્વોત્તમ છે, પામવું હોય તો માણસના જીવનને ઉજાળીને પરિતોષ અનુભવવાથી અદકેરી પ્રાપ્તિ કોઇ જ નથી, પણ આજનો માણસ... ભજવા જેવી વસ્તુને ત્યજે છે, અને ત્યજવા જેવી વસ્તુને ભજે છે **- જ્ઞાનસૂત્ર**
- મહાનતા એ દુકાનમાં વેંચાનારી ચીજ નથી, મહાનતાની વેલને રક્તથી સીંચીને ઉછેરવી પડે છે, જીવનનો કોઇક મહત્ત્વનો ટૂકડો કાપી આપવા તૈયાર થાય તેને જ જગત 'મહાન' લોકોની પંક્તિમાં બેસાડે છે **- મોરારિ બાપુ**
- એક સમય હતો જયારે 'પ્રણ' ની રક્ષા જ 'પ્રાણ' ની રક્ષા ગણાતી, આજે 'પ્રાણ' મુખ્ય અને 'પ્રણ' ગૌણ બની ગયું છે **- ગુણવંત શાહ**
- સત્તા સરી ગયાની જેને વેદના ન હોય એ ખરો સત્તાધીશ, બાકી બધા જ ખુરશીનાં ગુલામ **- જનકલ્યાણ**

**(સંકલન : દીપક વી.આસરા)**

## બોધ કથા

આજે બનારસ-વારાણસી-કાશી-વિશ્વનાથની નગરી વિશ્વમાં ચર્ચામાં છે. 'હિંદુત્વ'ની નિશ્ચિત બેઠક મનાય છે ત્યાં હિંદુ યુનિવર્સિટી સ્થાપના થઇ છે એના પાયામાં પંડિત મદનમોહન માલવીયજીનો મોટો પરિશ્રમ છે એ આમ્ર વૃક્ષના ફળ આજે અનેક પશુ-પંખી 'કાગડા' પણ ખાય છે.

હિંદુ-યુનિવર્સિટી સ્થાપનાનો વિચાર આવતાં તેનાં બાંધકામ માટે ફંડ ફાળો એકત્ર કરવા લાગ્યા. હૈદ્રાબાદના નિઝામ પાસે આ વાત મૂકી. નિઝામને ગમી નહીં. માલવીયજીએ સંસ્કૃત સાહિત્ય અને વૈદિક શિક્ષણની વાતથી વધારે દલીલ કરી.

નિઝામ ઉશ્કેરાઇ ગયા. કાઢી મૂક્યા છતાં પણ જતાં જતાં યુનિ.નું મહત્ત્વ તો સમજાવતાં જ રહ્યા. નિઝામ પોતે પહેરેલી મોજડી ગુસ્સામાં મદનમોહનજી તરફ ફેંકી. માલવીયજી એ આદરપૂર્વક ઉપાડી. સલામ કરી દરબાર છોડી ગયા.

દરબાર ગઢના ચોકબજારમાં જ ઊભી નિઝામની મોજડીનું લીલામ કરવા લાગ્યા. લોકો બોલી બોલતા હતા. નિઝામને કાને વાત આવી. શરમાઇ ગયા. દરબારીને સૂચના આપી ઊંચી બોલી, બોલીને મોજડી પાછી મેળવી...

માલવીયજીને દાન-ફંડથી જ મતલબ હતો..

Email - sureshchandrabhatt18@gmail.com

# પહેલાં તો બંને પરિસ્થિતિવશ કંટાળીને ઘેરથી ભાગ્યાં, પછી સંઘર્ષના દિવસોમાં એકબીજા પ્રત્યે આકર્ષાયા, અને કોર્ટ મેરેજ કરી લીધા

### નવાં કલેવર

**- નટવર હેડાઉ**

જયારે મેં તેને પહેલ વહેલી જોઇ ત્યારે મેઘના લગભગ દસ વર્ષની હશે. અમે એ સોસાયટીમાં નવું નવું મકાન લીધેલું. જે દિવસે અમે મકાન બદલ્યું ત્યારે વંદના બહેને મેઘના સાથે અમારા માટે પાણી અને ચ્હા નાસ્તો મોકલેલો.

મેઘનાની મમ્મીને તે દિવસથી અમે સૌ મોટા બેન કહેતા. તે ખુબ સંકોચશીલ અને વિન્રમ સ્વભાવનાં હતા.

મેઘના સ્પષ્ટવક્તા અને કામઢી હતા. એ ગુણ તેનામાં બચપણથી જ હતા. લાંબો ચોટલો, ગોરોવાન, મોટી મોટી આંખો ખુબ વાચાળ લાગે, તેની આંખોમાં જોઇને તમે તેનું મન વાંચી શકો.

તે છઠ્ઠામાં ભણતી હતી ત્યારે મારા દીકરાને રાખડી બાંધવા આવેલી અને તેણે તેને એકાવન રૂપીયા આપ્યા ત્યારે એ તે એક માટીનો ગલ્લો લઇ આવી. તેણે કહ્યું કે રૂપિયા આ જાદુગરનાં પેટમાં નાંખી દો, તેના પેટમાં ગયા બાદ આ રૂપિયા બમણાં થઇ જશે. પછી એ ગલ્લો પાછો લઇ ગઇ. હું મનોમન ખુશ થયો. મારી શાળાની છઠ્ઠા ધોરણની વિદ્યાર્થીનીઓ આવી સરસ, સ્પષ્ટ અને કર્મઠ નહોતી.

જાદુગરનું પેટ ભરાતું ગયું અને નવમા ધોરણમાં આવતાં મેઘનાએ તેનો જાદુ ગલ્લો ઊંધો વાળ્યો તો તેમાંથી નીકળેલ રૂપિયામાથી સાયકલ આવી ગઇ. મેઘના એ સાયકલ લઇને સ્કુલે જતી પણ તેને ખબર નહોતી કે પપ્પાના ગયા પછી ઘરનો કરિયાણાનો સામાન પણ એ સાયકલ પર લાવવાનો થશે.

બારમા ધોરણમાં આવતાં સુધીમાં મેઘના ને જાણે કે દુનિયાદારીનું તમામ ભાન આવી ગયું છે. તે બાલમંદિરનાં બાળકોને ભણાવતી અને ચિત્રકામ પણ કરતી. પોતાની મમ્મી ને ક્યારેક પાણીપુરી, શેરડીનો રસ કે આઇસ્ક્રીમ ખવડાવવા લઇ જતી. મને ખબર હતી કે મેઘના ભણવા ઉપરાંત વધારાની મહેનત મોટી બહેન માટે થઇને કરે છે.

તે જાણતી હતી કે તેની માં જમવાનું એક રોટલી વધારે માંગે તો ભાભીનો જીવ કપાઇ જતો હતો અને જો તાવ કે શરદીને કારણે તેની માં એકાદ કપ ચ્હા વધારે માંગે તો ભાઇને મોંઘવારી નડવા લાગતી હતી.

ઠીક છે પણ મેઘના ખુબ સમજુ હતી. ભાભી ભલે તેને મહેણાં મારે, ગાળો બોલે તો પણ એ શાંત રહી બધું સહન કરી લેતી. મોટી બહેનને મદદ કરવાની મને ઇચ્છા થઇ પણ તેની આંખોમાં ખુદ્દારી જોઇને મારી હિંમત ન ચાલી.

છતાં કુદરત તો તેનું કામ કરતી જ હોય છે. મેઘના લગભગ સોળ કલાક મશીનની જેમ કામ કરતી છતાં થાકતી નહીં એવી સ્વસ્થ હતી. તેનું કારણ કદાચ એ પણ હોય કે તેનું વલણ હંમેશા સકારાત્મક અને ઉત્સાહીત હતું. તેને કોઇ શોખ ન હતો. તે ક્યારેક પિક્ચર જોવા જવું, પિકનિક પર જવું, શોપિંગ કરવા જવું કે ભેગાં મળીને ગપ્પાબાજી કરતી જોવા ન મળે હાં જયારે તેને સમય મળે ત્યારે એ પેઇન્ટીંગ કરતી હોય અથવા યોગા કરે. તેની દિનચર્યાને જોઇ મને નવાઇ લાગતી. આ મેઘના કઇ માટીમાંથી બની છે એવો જ વિચાર આવ્યા કરતો. જયારે તે ગ્રેજ્યુએશન કરતી હતી ત્યારે તેને ઘેર નાનાં બાળકો ઉપરાંત એક તેની જ ઉંમરનાં છોકરો અઠવાડિયામાં પાંચેક દિવસ નિયમિત તેના ઘેર આવતો મેં જોયેલો. દેખાવે ખુબ ભોળો અને શરમાળ લાગતો. એક બે અઠવાડિયા બાદ એક દિવસ મોટી બહેને કહેલું કે મનિષ નામનો આ છોકરો મેઘનાની સાથે ભણે છે. તેને ગણિત ફાવતું નથી તેથી મેઘના સાથે બેસીને દાખલા કરે છે. આ સાંભળી મને કંઇ અજુગતું લાગેલું નહીં. કારણ કે મેઘના ઘણા વર્ષોથી ભણાવે છે. તેને ભણવા ઉપરાંત ભણાવવાનો સારો અનુભવ છે. દિવસો વિતવા લાગ્યા.

થોડા મહિના પછી એક દિવસ સવારે ખબર પડી કે મેઘના ભાગી ગઇ. મેઘનાના ભાઇ-ભાભીએ દોડાદોડી કરી શોધવાનો દેખાવ કર્યો. મોટીબેન ચુપ હતા. મને એકાએક આ વાતથી આઘાત લાગ્યો પણ તાત્કાલિક મેઘનાને ઘેર ન જવું એમ મનમાં વિચારી લીધું. હાં જો કે મોટી બહેન પાસે બે ઘડી બેસવાની ઇચ્છા હતી પણ તેના ભાઇ-ભાઇ સાથે વાત કરવાનું મને જરાય મન નહોતું. મેં મારી જાતને સંભાળી લીધી.

લગભગ એકાદ મહિનામાં બધું જેમ હતું તેમ સામાન્ય થવા લાગ્યું. હવે ઘણી વખત મોટી બહેન સાથે મારે ઔપચારિક થતી પણ તેમને મન દુઃખ ન થાય તે માટે હું ક્યારેક મેઘના વિષે તેમે પુછતો નહીં. મોટી બહેન પણ ક્યારેક મેઘના વિષે વાત ન કાઢતા. અંદર ને અંદર મેઘનાની સ્મૃતિઓ મને હચમચાવતી હતી. પણ મોટી બહેન તો જાણે પથ્થર જેવાં થઇ ગયાં હતા. એમ લાગતું હતું કે પોતાનો અંતિમ સમય એ કોઇ પણ જાતના કલહ કે મલાલ વિના વિતાવવા માંગતા હતા. મેઘનાના દુનિયાદારી ભાઇ-ભાઇ તો ખુશ હતા. ચાલો બે ટાઇમના રોટલા બચ્યા. તેમના માટે તો મેઘના જાણે કે કંઇ હતી જ નહીં.

હવે દરેકની પોતપોતાની જિંદગી હતી. પોતપોતાનો સંસાર હતો. આમ કરતાં લગભગ ત્રણ વર્ષ વીતી ગયા. પણ ન મેઘના આવી કે ન તેના વિશે કંઇ માહિતી મળી.

એ પણ કદાચ નિયતનો ઉપક્રમ જ કહી શકાય કે મેઘના ક્યાં અને કેવા સંજોગોમાં અચાનક મને સુરતમાં મળી.

મેઘના જે આઇસ્ક્રીમ પાર્લર પર મળી ત્યાં પેલો ગણિતન વિદ્યાર્થી મનિષ પણ હતો. એક મિનિટમાં એ ખબર પડી ગઇ કે દુકાન તેમની જ હતી. તે ગ્રાહકોને આઇસ્ક્રીમ વેચતો હતો. લગભગ બે વર્ષની નાની બાળકી જે દેખાવે બિલકુલ મેઘના જેવી જ લાગતી હતી. તેણે મેઘનાની આંગળી પકડી હતી. તે મિતાલી હતી.

ઓહ! આ તો મેઘના એમ કહેતાં હું તેની નજીક ગયો. તે મને ઓળખી ગઇ. તે ખુશ થતી મલકાઇ. આજે પણ તેની આંખોમાં એ જ ખુદ્દારી દેખાતી હતી. તે નજીક આવી. હું તો ત્યાં ને ત્યાં જ થંભી ગયો હતો.

બંને સામસામે ઊભાં હતા. એકાએક મેઘનાની આંખોનો ભાવ જોઇ મને લાગ્યું કે તે કંઇક કહેવા માંગે છે. તેણે મને દુકાનમાં અંદર આવવા કહ્યું. હું અંદર ગયો. તેણે ખુરશી ધરી તેના પર હું બેસી ગયો. તે પણ મારી સામે બેઠી.

વાતની શરૂઆત કરતાં મેં જ તેને કહ્યું કે મારા દીકરાને અહીંની નર્મદ યુનિવર્સિટીમાં જોબ મળી છે. હું તેને મળવા આવ્યો છું. તે પછી મેઘના એ સહજ રીતે પોતાની બધી વાત મને કરી. તેના ભાઇ-ભાઇએ તેનો સોદો કરી નાંખેલો. તેમણે અમદાવાદના જાણીતા બિલ્ડરના નક્કામા, અભણ અને રખડું છોકરા સાથે તેની સગાઇ માટે હા પાડી દીધી હતી. કેમ કે મેઘના જેવી ભણેલી ગણેલી નોકરાણીનાં અવેજીમાં પૈસાદાર વેપારી તેની ભાભીને એક ફ્લેટ આપવાનું વચન આપ્યું હતું. આવા ઘરમાં જવા કરતાં તેણે હિંમત અને ચેલેન્જનો રસ્તો પસંદ કર્યો. વળી મનિષ પણ પોતાની મામીથી કંટાળેલો હતો. તેની ચરિત્રહિન મામી તેને પુરૂષ દેહ વેપાર માટે મુંબઇ મોકલવા માંગતી હતી. તે માટે દલાલ સાથે વાત પણ પાકી થઇ ગઇ હતી.

પહેલાં તો બંને પરિસ્થિતિવશ કંટાળીને ઘેરથી ભાગ્યાં. પછી સંઘર્ષના દિવસોમાં એકબીજા પ્રત્યે આકર્ષાયા, અને કોર્ટ મેરેજ કરી લીધા. મેઘના એ કહ્યું કે મિતાલીના જન્મ સુધી તો બંને કોલ સેન્ટરમાં કે મોલમાં જે મળ્યું તે કામ કરતાં હતા. હવે મનિષ આ દુકાનમાં અર્ધો ભાગીદાર છે અને મેઘના એક નર્સરી સ્કુલમાં ટીચર છે. મેઘનાની વાત સાંભળીને મેં મિતાલીને તેડી ને ચુમી લીધી. મેઘનાને તેમાં આત્મીયતા લાગી.

જયાં સુધી મારો દીકરો સુરતમાં રહ્યો. ત્યાં સુધી હું મોટી બહેન અને મેઘના વચ્ચે કડીરૂપ બની રહ્યો. મેઘનાના ફેમીલીની વિડીયો ક્લીપ જોઇને મોટી બહેનની આંખો ભરાઇ આવી. મેં મેઘના સાથે ફોન પર તેમને વાત પણ કરાવી. જયાં સુધી મોટી બહેન જીવ્યાં ત્યાં સુધી મેઘના મારા દ્વારા તેમનાં સંપર્કમાં રહી. આવી હિંમતવાન અને આત્મશક્તિ વાળી મેઘનાની સાથે વાત કરતાં આજે પણ હું મારામાં એક ઉર્જાનો સંચાર થતો અનુભવું છું.

# પ્રામાણિકતાનો પુરસ્કાર..!! પૈસા ભરેલી બેગ પોલીસને સોંપવી કે નહીં? ની ગડમથલ..!!

## વાતમાં તમારી એ વાતનો વર્તારો છે, આંખમાં તમારી ઇજનનો ઇશારો છે
## અમે તો કરી ચૂક્યાં થાય એટલું બધું, હવે મદદ કરવાનો વારો તમારો છે

ટ્રેનની ગતી ધીમી પડી, અને એ ભાઈએ કુદકો મારી દીધો. ધીમે ધીમે ગાડીનો વેગ વધતો હતો, પાછળ ને પાછળ એમની પત્નીએ પણ કુદકો માર્યો, ધડામ દઈને અવાજ આવ્યો, અને મારું હૈયું જોર જોરથી ધડકવા લાગ્યું... પ્રસન્નને એ ૨૮ ઓગસ્ટ ૨૦૧૩ની રાતની વાત અને કિસ્સો આજેય યાદ આવે છે એ ઝબકીને બેસી જાય છે, શરીર પર રૂંવાડા ઉભા થાય અને હૈયું ધડકવા લાગે છે...

પ્રસન્ન એના મિત્રો સાથે દિલ્હી - આગ્રાના પ્રવાસે અક્ષરધામ તાજમહેલ જોવાં નીકળ્યો હતો. નિઝામુદીન એક્સપ્રેસ નરેન્દ્ર મદીની જેમ ધડાધડ કરતી ગાંધીનગરથી દિલ્હી પહોંચવા ઉતાવળ કરતી હતી. સવારનો સાડા ચારનો સમય હતો અને કાળોતરૂં અંધારૂં હતું. પ્રસન્ન ફ્રેશ થવા એની બર્થ છોડી દરવાજા પાસે ઊભો હતો, પંદરેક મિનિટમાં ટ્રેન ઈટારસી સ્ટેશને આવીને ઉભા રહી. પ્રસન્ન પગ છૂટો કરવા નીચે ઉતરી દરવાજા જોડે જ ઊભો રહ્યો. કેટલાંક પેસેન્ટર ઉતર્યા અને લગભગ એટલાં જ પાછા અંદર પણ ચઢયાં. પ્રસન્નનો પહેલો પ્રવાસ હતો ટ્રેનનો એટલે એ બધું કુતુહલતાથી જોતો નોંધતો ઉભો હતો. થોડા સમયમાં ગાડીએ હોર્ન માર્યો અને એ ડબ્બામાં ચઢી દરવાજા પાસે ઊભો રહ્યો...



બૉગીમાંથી એક ભાઈ આંખો ચોળતાં ચોળતાં આવીને પ્રસન્નને પુછ્યું : 'ઈટારસી સ્ટેશન આવ્યું?' એણે કીધું, 'હા, આ જુઓ હજી તો એના પાટીયા દેખાય છે, હમણાં જ ગાડી ઉપડી.' એ દોડતો જ અંદર ગયો અને એની પત્ની અને દીકરીને લઈને આવ્યો. એણે એને સાંકળ ખેંચવા કહ્યું. પ્રસન્નને તો સાંકળ કયાં હોય એનીય ખબર નહોતી કારણ આ એનો પ્રથમ જ રેલ્વે પ્રવાસ હતો, જેમતેમ સાંકળ ગોતીને એણે ખેંચી. અને ગાડીની સ્પીડ ધીમી પડી ગઈ...

પેલા ભાઈએ ગાડીમાંથી કુદકો માર્યો, ગાડી ધીમે ધીમે ચાલતી જ હતી. એની પત્ની પણ ગાડીમાંથી ઉતરવા લાગી, પણ એણે સીધાં પગલે જ બહાર નીકળતાં એ ધડામ દઈને નીચે પડી અને રગડતી જ ટ્રેનની દિશામાં ફંગોળાઈ, એનો જોરથી ચીસ પાડવાનો અવાજ આવ્યો, અને પ્રસન્નનું કાળજું જોરથી ધડકવા લાગ્યું, કારણ એને એ બહેન ગાડી નીચે આવી ગયાં જેવું લાગ્યું. હવે એમની દીકરી અને બેગ બાકી હતી, પેલા ભાઈ 'મારી દીકરીને નીચે આપો' કહેતાં ટ્રેનની સાથે દોડતાં હતાં. પ્રસન્ન એ છોકરીને નીચે આપવા લાગ્યો અને પેલાં ભાઈ હાથ આપી એને પકડવાનાં જ હતા એટલામાં જ અચાનક વચ્ચે આવેલા થાંભલામાં એ ભાઈ અથડાયાં અને બાજુમાં ગબડી પડ્યાં...




પ્રસન્નએ પેલી છોકરીનાં બંને હાથ પકડી ટ્રેન જે દિશામાં જાય છે એ બાજુ પર નાંખી થોડું દોડવા સમજાવ્યું, પણ એનું મન એને નીચે ઉતારવા માનતું નહોતું અને હિંમત પણ થતી નહોતી; હવે ટ્રેનની સ્પીડ પર થોડી વધેલી હતી, છોકરીએ જીદ પકડી અને રડવાં લાગી એટલે એણે એને ધીમેથી નીચે છોડી દીધી... પણ એનું બેલેન્સ ગયું અને એ નીચે પડી 'મારી માં રે...' ની બુમ પાડી...

બે-ચાર મિનિટમાં ખેલમાં આ બધું બની ગયું, એમે પેલી બેગ પણ નીચે ફેંકી દીધી. દિલ હજીય ધડકતું હતું, શ્વાસ ચડી ગયો અને પરસેવો છુટી ગયો, પસ્તાવો પણ થતો હતો કે મેં શું કામ છોકરીને નીચે ઉતારી? એમનું શું થયું હશે? પાંચ મિનિટ સુન્ન થઈ પ્રસન્ન ટ્રેનમાં દરવાજા બહાર પેલાં ત્રણેયનાં વિચારમાં સ્ટેચ્યુ થઈને ચોંટી ગયો. પછી જયારે એ જગ્યાએ પહોંચ્યો તો ખ્યાલ આવ્યો કે એણે એક જ બેગ ફેંકેલી, પરંતુ એમની બે બેગ હતી અને બીજી બેગ જયાં મુકેલી ત્યાં એક દાદા સુતા હતા, એટલે એને લાગ્યું કે એ બેગ દાદાની જ હશે. પરંતુ પછી ખ્યાલ આવી ગયો કે એ બેગ નીચે પછડાયેલાં પરિવારની જ છે...

પ્રસન્નએ બેગ ફંફોસવી શરૂ કરી અને કોઈ મોબાઈલ નંબર મળે છે કે તપાસવા લાગ્યો. નંબર કે એડ્રેસ જેની કોઈ વિગત લખેલું કશું મળ્યું નહીં. એમની બેગ ચેક કરતાં એટલી ખબર પડી કે આ લોકો કયાંક લગ્નમાં જતાં હતા. શોધતાં શોધતાં અચાનક પેલી છોકરીનો ફોટો અને કાગળનો એ ગઠ્ઠો મળ્યો, એ એક સાડીમાં લપેટાયેલો હતો. એ પેકેટ બહાર કાઢ્યું તો અંદર પૈસા હતા. જોતાં તો લાગ્યું કે આ ૧૫-૨૦હજાર તો હશે જ. પ્રસન્નએ ના પાડી, કારણ એને ના તો ટીસી પર ભરોસો હતો ના તો રેલ્વે પોલીસ પર, માત્ર પોતાના પર અને પોતાના પ્રામાણિકતા પર ભરોસો હતો. પૈસા ભરેલી બેગ પોલીસને આપવી કે નહીંની ગડમથલમાં એ વિચાર મગ્ન હતો ત્યાં જ...

પેલાં બે બાજુમાં બેઠેલાં છોકરાં એના હાથમાંથી પૈસા ઝૂંટવવાં લાગ્યા. એ વિશાળ, પાર્થ, નયન એમ પોતાના સાથી મિત્રોને મોટેમોટેથી બુમો પાડવા લાગ્યો, અને પ્રસન્નનાં મિત્રો પણ શું થયું? કહેતા તરત જ ધસી આવ્યા. પ્રસન્નની તાકાત વધેલી જોઈ પેલાં બંને શાંત થઈ બાજુમાં ખસી ગયાં, ત્યારે પ્રસન્નને ખબર પડી કે 'પૈસા' નામનો બે અક્ષરી શબ્દ કેટલો પ્રભાવી છે... એનું મન હજીયે પેલાં ત્રણે વચ્ચે અટવાયેલું હતું. ત્રણેયની વ્યથા, ચિત્કાર, તકલીફના વિચારથી એ વ્યથિત હતો. એણે ફરી બેગ તપાસવાની શરૂ કરી, કંઈક કોન્ટેક્ટ ડિટેઈલ મળે તો પૈસા પાછા પહોંચાડી શકાય અને એનાં સાચાં દિલની પ્રાર્થના ફળી અને એક દવાની પડીકી અને સાથે પ્રિસ્કીપ્સન મળી આવ્યું, અને ચિઠ્ઠી પરથી ખબર પડી કે દરદીનું નામ ધાર્મિક પટેલ હતું. ડૉકટરની ડિટેઈલ મળતાં મનખુશ થયું, પણ એમાં સમય સવારે સાડા આઠનો લખેલો અને હજુ સાડા પાંચ વાગેલાં...

રાહ જોવા સિવાય કોઈ ચારો નહોતો, એને એ વ્યક્તિ સુધી પહોંચાડવાનો એક માર્ગ મળ્યો હતો, એ 'શેખાત હોસ્પિટલ' સાડા આઠે ખુલવાનું હતું, પણ એનાથી રહેવાયું નહીં અને એણે ૭ વાગે ફોન કર્યો. અને ફોન ઉપડ્યો, કોક બેન બોલ્યા, 'શેખાત હોસ્પિટલ' ગાંધીનગરમાં છે એવી ખબર પડી, એણે બહેનને આખો પ્રસંગ કીધો અને ધાર્મિક નામના પેશન્ટની તપાસ કરી કોન્ટેક્ટ ડિટેલ માંગી, એમણે અરધો કલાક પછી ફોન કરવાં જણાવ્યું.

થોડીવાર બાદ દયાળુ ડૉકટર એવાં શેખાત સામેથી જ ફોન આવ્યો. એમણે ચિઠ્ઠી પરનો ઓપીડી નંબર પુછ્યો અને એમણે તરત જ ધાર્મિકનો મોબાઈલ નંબર શોધીને આપ્યો, એ ધાર્મિક પટેલ ગાંધીનગરનાં જ હતા અને પ્રસન્ન અમદાવાદનો એટલે થોડી રાહત થઈ. એણે ધાર્મિકને ફોન લગાડ્યો અને એમની બેગ સલામત છે ની ખાત્રી આપી, એ ભાઈ ફોન પર જ રડવા લાગ્યા, પ્રસન્નએ કોઈને વાગ્યું તો નથી ને? એવું ઉચાટ ભર્યા સ્વરે પૂછ્યું. પત્નીનો હાથ ફ્રેકચર છે અને છોકરીનાં પગ છોલાયાં છે, મારાં હાથે સોજો છે, પણ સમજોને પ્રભુની કૃપા થોડાકમાં બધા બચી ગયા, મારી પત્ની અને દીકરી બચી ગયાં બીજું શું? એમ બોલતાં તો ધાર્મિક ગળગળો થઇ ગયો... પ્રસન્નએ કીધું ચિંતા ના કરતાં તમારી બેગ અને પૈસા મારી પાસે સલામત છે, હું અઠવાડિયા પછી પાછો દિલ્હીથી આવીશ ત્યારે આપી દઇશ...

અનુસંધાન પાના નં.૬ પર

# સમાજની તટસ્થતા હોય ત્યાં જ પ્રેમ રહે

### ગુલમહોર

**- દિનેશ દેસાઈ**

પ્રેમનો નિવાસ ક્યાં? પ્રેમ ક્યાં રહેવાનું પસંદ કરે? હંસ-હંસલીની જોડ ક્યાં રહેવાનું પસંદ કરે? પ્રેમ ખુદ નિર્મળ અને પવિત્ર છે. પ્રેમ હંમેશા નિર્મળતા અને પવિત્રતાનો વાસ હોય ત્યાં જ વસવાનું પસંદ કરે. પરંતુ સમાજ હંમેશા મેદાનમાં જ હોય છે. ઈષ્ટ અને અનિષ્ટની લડાઈમાં આજે અનિષ્ટનો જ વિજય થાય એવો જમાનો છે. આવી વિષમતા અને વિસંગતતા કેવું પરિણામ લાવી શકે એની પણ વાત કરીએ.

હંસનો નિવાસ હિમાલયની ગિરિકંદરાઓ. માનસરોવર એટલે હંસનું વતન. આમ તો હંસ દુનિયભરમાં જોવા મળે. એને શાંત, સુરમ્ય વાતાવરણ જ ગમે. હિમાલય એટલે ધરતી પરનું સ્વર્ગ. મોટા ભાગે હંસ હંમેશા જોડીમાં જ જોવા મળે. એક વાર નર અને માદા હંસ હિમાલયના શીતળ વાતાવરણથી ક્યાંય દૂર ઊડી આવ્યાં.

માદા હંસે નર હંસને કહ્યું કે "આપણે ઊડતા ઊડતા આ કેવી જગાએ આવી પહોંચ્યા? અહીં તો જળની વ્યવસ્થા નથી, સરોવર નથી, ઘટાદાર વૃક્ષોવાળું જંગલ પણ નથી અને શીતળ વાતાવરણ પણ નથી. સમગ્ર વિસ્તાર વેરાન અને અવરજવર વગરનો તથા ઉજ્જડ હતો. આવા સંજોગોમાં આપણે કેવી રીતે રહી શકીએ કે જીવી શકીએ?"

નર હંસે માદા હંસને આશ્વાસન આપતા કહ્યું કે "તારી વાત સાચી છે, પણ હવે સૂર્યાસ્ત થઈ ચૂક્યો છે. આજની રાત આ વૃક્ષ પર વીતાવીએ. કાલે સવાર પડતાં જ આપણે પાછા ઊડી જઈશું."

આ જ વૃક્ષની ઊંચી ડાળ ઉપર એક ઘુવડ બેઠો હતો. તે આ હંસયુગલની વાત સાંભળી રહ્યો હતો. થોડી થોડી વારે આ ઘુવડ પોતાના બેસૂરા અવાજથી શાંતિ ડહોળી નાખતો.

તેના અવાજથી માદા હંસ અકળાઈને બોલી ઊઠી : "અરે, આ ઘુવડ તો કેવી બૂમાબૂમ કરે છે, આપણને શાંતિથી જંપવા પણ નહીં દે. આખી રાત હેરાન કરશે કે શું?"

નર હંસે માદા હંસને સમજાવતા કહ્યું કે "કશો વાંધો નહીં. જેમ તેમ કરીને રાત ગુજારી દઈએ. હવે મને ખબર પડી કે આ સમગ્ર વિસ્તાર વેરાન, ઉજ્જડ અને અવરજવર વિનાનો કેમ છે? જે વિસ્તારમાં ઘુવડ વસતા હોય એ વિસ્તારમાં રહેવાનું કોણ પસંદ કરે? પછી આખો વિસ્તાર ઉજ્જડ જ રહે ને."

વૃક્ષની ઊંચી ડાળે બેઠેલો ઘુવડ હંસલા અને હંસલીની વાત ધ્યાનથી સાંભળી રહ્યો હતો. પરંતુ તેને રાતના સુમારે કોઈ પ્રતિભાવ આપવાનું યોગ્ય ન લાગ્યું.

સવાર પડી ત્યારે ઘુવડ હંસ જ્યાં બેઠા હતા એ નીચેની ડાળ પર જઈ પહોંચ્યો અને કહેવા લાગ્યો કે "હંસભાઈ, તમને મારા કારણે આખી રાત તકલીફ પડી અને ઊંઘ કે આરામ પણ ના મળ્યાં. મને માફ કરી દેશો?"

હંસે તો પોતાની વિનમ્રતા દર્શાવતા કહ્યું કે "કશો વાંધો નહીં. તમારા આ સૌજન્ય માટે પણ ધન્યવાદ. હવે અમે અહીંથી ઊડી જ રહ્યાં છીએ."

આટલું કહીને હંસે તો હંસલી સાથે ઊડવા માટે પાંખો ફેલાવી ત્યાં તો ઘુવડે પાછળથી બૂમ પાડી કે "અરે, હંસ... મારી પત્નીને લઈને ક્યાં જઈ રહ્યા છો?"

**પ્રેમ હંમેશા નિર્મળતા અને પવિત્રતાનો વાસ હોય ત્યાં જ વસવાનું પસંદ કરે, પરંતુ સમાજ હંમેશા મેદાનમાં જ હોય છે**

હંસ તો આ સાંભળીને ચોંકી ગયો અને બોલ્યો : "તમારી પત્ની? અરે ભાઈ, આ તો હંસલી છે, મારી પત્ની છે. મારી સાથે જ આવી હતી અને મારી સાથે આવી રહી છે."

ઘુવડે તો રીતસર ઝગડો જ માંડ્યો. કહેવા લાગ્યો કે હું તમને જવા જ નહીં દઉં. તમાશાને તેડું ના હોય. જોતજોતામાં તો બધા લોકો ભેગા થઈ ગયા. પંચાયત બોલાવવામાં આવી. પંચ એટલે પરમેશ્વર.

પંચ બેઠું અને આ વિવાદના ઉકેલ માટે કાર્યવાહી શરુ કરી. પંચે કહ્યું કે "વાત તો સાચી છે કે હંસલી એ હંસની જ પત્ની છે.

અનુસંધાન પાના નં.૬ પર